હાજીપુર પ્રાથમિક શાળા ખાતે યોજાયેલ કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૧૨

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવનો કાર્યક્રમ હાજીપુર પ્રાથમિક શાળા, તા. કલોલ, જી. ગાંધીનગર ખાતે આયોજિત કરાયો હતો.

મદદનીશ ખેતી નિયામક કે.જી. દેસાઈ હાજર રહી કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવને પ્રોત્સાહિત કરેલ હતા. હાજીપુર પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવમાં સૌથી આકર્ષણ બાળકો દ્વારા ગણવેશમાં યોગનું નિદર્શન હતુ. આ ઉપરાંત હાજીપુર પ્રાથમિક શાળામાં પપેટ શો, બાલમેળો જેવી ઈતર પ્રવૃતિઓ પણ રજૂ કરવામાં આવી હતી.

બેટી બચાઓ માટે સ્કૂલની વિદ્યાર્થિની પંડિત બંસરીએ ખૂબ જ અસરકારક લાક્ષણિક ભાષામાં પોતાના વક્તવ્યથી સૌને મુગ્ધ કર્યા હતા.

આ પ્રસંગે હાજીપુર તેમજ આજુબાજુના અધિકારી-પદાધિકારીઓ હાજર રહી શાળાની પ્રવૃતિને પ્રોત્સાહિત કરેલ હતી સાથો સાથ ધો.૧ ના બાળકોને દાતાઓ તરફથી દફ્તર, વોટરબેગ, કંપાસ, દેસીહિસાબ આપી બાળકોના પ્રવેશના પ્રથમ દિવસે ઉત્સાહમાં વધારો કર્યો હતો.

હાજીપુર પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવમાં ૮૫ બાળકોએ પ્રવેશ મેળવ્યો હતો.

હાજીપુર પ્રાથમિક શાળાના આચાર્ય ભૂમિકા જોશીએ સમગ્ર કાર્યક્રમનું ખૂબજ સુંદર આયોજન કરેલ હતું. કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવના કાર્યક્રમની આભારવિધિ ગણપતભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ હતી.

ધોરણ-૧૦માં ઈન્ટર્નલ માર્ક પ્રથા દૂર કરવા માંગ

ઈન્ટર્નલ માર્ક પ્રથાને કારણે ટ્યુશનિયા શિક્ષકો વિદ્યાર્થીઓને અન્યાય કરતા હોવાના આક્ષેપ સાથે અમદાવાદ એજ્યુકેશન ગૃપની રજૂઆત

ગાંધીનગર, તા.૧૨

ધોરણ-૧૦માં ઈન્ટર્નલ માર્ક માટે ૭૦+૩૦ની પ્રથા અમલમાં છે આ પ્રથાને કારણે ટ્યુશનિયા શિક્ષકો ટ્યુશન ના આવતા તેજસ્વી વિદ્યાર્થીઓને અન્યાય કરતા હોવાની ફરિયાદો ઉઠી રહી છે. આ પ્રથાને કારણે વિદ્યાર્થીઓને ફરજીયાત ટ્યુશન બંધાવવા દબાણ કરાતું હોય છે તથા વિદ્યાર્થીનીઓનું શોષણ પણ થતું હોવાની સંભાવના રહેલી છે. વળી રાજયમાં ટ્યુશન એકટ અમલમાં હોવા છતાં બેરોકટોક પણે ટ્યુશનિયા શિક્ષકો વિદ્યાર્થી-વાલીઓને લુંટી રહ્યા છે. ધો-૧૦માંથી ૩૦ માર્ક ઈન્ટર્નલની પ્રથા દૂર કરવા તથા ટ્યુશન એકટનો કડક અમલ કરવાની માંગ સાથે અમદાવાદ એજ્યુકેશન ગૃપનું પ્રતિનિધિ મંડળ પ્રમુખ ઝંકૃત આચાર્યની આગેવાનીમાં શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને મળ્યું હતું. શિક્ષણમંત્રીએ તેમની રજૂઆત સાંભળી આ બાબતને ગંભીરતાથી લઈ ઝડપથી યોગ્ય કાર્યવાહી કરાશે તેવી હૈયાધારણ આપી હતી.

નીટની પરીક્ષા મામલે ગુજરાતના વિદ્યાર્થીઓને અન્યાય નહીં થાય : ભૂપેન્દ્રસિંહ ચુડાસમા

વાલીમંડળના પ્રમુખ કનુભાઇ પટેલ સહીતના પ્રતિનિધિઓએ ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમ માટે અલગ મેરીટ તૈયાર કરવા માટે રજુઆત કરી

ગાંધીનગર તા ૧૨

નીટની પરીક્ષામાં ગુજરાતના વિદ્યાર્થીઓને અન્યાય થયો હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. ત્યારે વાલીમંડળે આ મામલે ઉગ્ર વિરોધની લાગણી વ્યક્ત કરી છે. આજે આ અંગે વાલીમંડળના પ્રતિનિધિઓ સાથે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ મંત્રણા કરી હતી. આ દરમિયાન ગુજરાતના વિદ્યાર્થીઓને યોગ્ય ન્યાય મળે તે માટે વાલીમંડળે રજુઆત કરી હતી. શિક્ષણમંત્રીએ પણ ગુજરાતના વિદ્યાર્થીઓને અન્યાય નહીં થાય તેવી ખાત્રી આપી હતી.

નીટની પરીક્ષાના મામલે આજે વાલીમંડળ દ્વારા સરકારને રજુઆત કરવામાં આવી હતી. જે માં વાલીમંડળના પ્રમુખ કનુભાઈ પટેલે આ અંગે રજુઆતમાં જણાંવ્યુ હતુ કે નીટની મેરીટ યાદી તૈયાર કરવાનો પ્રશ્ન ગુજરાતના ૭૨ હજાર વિદ્યાર્થીઓને સ્પર્શે છે. નીટની પરીક્ષામાં ગુજરાતી અને અંગ્રેજીના માધ્યમના વિદ્યાર્થીઓ માટે અલગ અલગ પેપર હોય છે. તો આ માટેનુ મેરીટ પણ અલગ જ હોવુ જોઈએ. જયારે આ મામલે અત્યાર સુધીમાં ૧૦ વિદ્યાર્થીઓએ આપઘાત કર્યો છે. જયારે અન્ય વિદ્યાર્થીઓ પણ માનસિક દબાણમાં તાણ અનુભવી રહયા છે. આ તબક્કે તેમણે સરકાર પ્રત્યે વિશ્વાસની લાગણી વ્યક્ત કરી વિદ્યાર્થીઓના હીતમાં નિર્ણય જાહેર કરાશે તેમ પણ જણાંવ્યુ હતુ. ગુજરાતમાંથી ૭૨ હજાર જેટલા વિદ્યાર્થીઓએ મેડિકલમાં પ્રવેશ માટે નીટની પરીક્ષા આપી છે. જયારે આ પરીક્ષાના અંતે ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના પ્રશ્નપત્ર અલગ અલગ હોવાનુ સ્પષ્ટ થયુ હતુ. એટલુ જ નહીં પરંતુ વિદ્યાર્થીઓ અને વાલીઓના જણાંવ્યા મુજબ અંગ્રેજી માધ્યમ કરતા ગુજરાતી મીડિયમનુ પેપર વધુ અઘરુ અને જટીલ હોવાથી વિદ્યાર્થીઓને ઘોર અન્યાય થયો હોવાની લાગણી પ્રબળ બની છે. નીટ ૨૦૧૭ ની પરીક્ષાને ધ્યાને લઈ ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ માટે અલગ મેરીટ તૈયાર કરવા પ્રબળ માંગ પણ કરવામાં આવી હતી. આ તબક્કે વાલીમંડળે એવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો કે આ મામેલ અમે રાજય સરકારને રજુઆત કરી છે. જયારે કેન્દ્ર સરકારમાં પણ આ અંગે રજુઆત કરી ગુજરાતના વિદ્યાર્થીઓને ન્યાય મળે તે મુજબ માંગણીનો સ્વીકાર કરવામાં આવશે. વાલીમંડળની રજુઆતના અંતે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ગુજરાતના વિદ્યાર્થીઓને અન્યાય નહીં થાય તે અંગે ખાત્રી આપી હતી.

રામી-માળી સમાજની 'ફૂલે-બ્રિગેડ'ની વાર્ષિક બેઠક યોજાઈ

ગાંધીનગરના પેથાપુર ખાતે રામી માળી સમાજના સ્પર્ધાત્મક તાલીમ કેન્દ્ર ખાતે 'ફૂલે બ્રિગેડ' ના ગુજરાત એકમની પ્રથમ વાર્ષિક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ફૂલે બ્રિગેડની ટીમ ઈન્ડિયાના અધ્યક્ષ સી.પી.સૈની, ગુજરાત એકમના અધ્યક્ષ ડૉ. સુનિલભાઈ પઢિયાર, સમાજના અગ્રણીઓ પાંચાભાઈ માળી, દાનાભાઈ માળી, તુલસીભાઈ માળી તથા ગાંધીનગર રામી માળી સમાજના પ્રમુખ પ્રવિણભાઈ રામી ઉપસ્થિત રહ્યા હતા.

ફૂલે બ્રિગેડની બેઠકમાં માળી-રામી સમાજ શિક્ષણ ક્ષેત્રે અગ્રેસર થાય તે માટે અગ્રણીઓએ હાકલ કરી હતી. કાર્યક્રમમાં આગામી સમયમાં હાથ ધરવામાં આવનાર પ્રવૃત્તિ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી તથા રામી-માળી સમાજને સંગઠિત કરી સમાજના હક્કો માટે અવાજ બુલંદ કરવા વિચાર કરાયો હતો. કાર્યક્રમના અંતમાં એન.ડી. માળીએ આભારદર્શન વ્યકત કર્યુ હતું. આ સાથે સ્પર્ધાત્મક પરીક્ષાઓના કેન્દ્રની આગામી તાલીમ બેચની જાહેરાત કરાઈ હતી.

જીટીયુના ઈનોવેશન સ્ટાર્ટ-અપ પ્રકલ્પના વિદ્યાર્થીઓનું વિશેષ સન્માન

ક્લાઇમેટ ચેન્જ, ઊર્જા, ખેતી, સોફ્ટવેર અને રેલ્વે અકસ્માત નિવારણના ક્ષેત્રે કરેલા સંશોધનો દ્વારા આ વિદ્યાર્થીઓનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે મહત્વનું પ્રદાન

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત રાજ્યની સૌથી મોટી અને વિદ્યાર્થીઓના અભ્યાસ-સંશોધનના ક્ષેત્રે અગ્રણી એવી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી(જીટીયુના) ચુનંદા પાંચ વિદ્યાર્થીઓને આજે સવારે એમના નિવાસસ્થાને યોજાયેલા એક ફંકશનમાં મુખ્ય મંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે એમણે કરેલ વિવિધ ક્ષેત્રના સંશોધનોને પ્રોત્સાહન આપતા વિશેષ એવોર્ડસ અર્પણ કરવામાં આવ્યા હતા. જીટીયુના વાઈસ ચાન્સેલર પ્રો. ડો. નવીન શેઠ, રજિસ્ટ્રાર બિપિન ભટ અને જીટીયુની ઈનોવેશન કાઉન્સિલના ઓનનરી ડિરેકટર હિરનમય મહન્તા સહીત કેટલાક ચુનંદા મહાનુભવોએ એવોર્ડ અર્પણ અવસર ઉપર ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ખાસ પ્રોત્સાહન અને પ્રેરણા પૂરા પાડ્યા હતાં.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે પોતાના ઈનોવેટિવ રિસર્ચ પ્રોજેકટ માટે વિશેષ પ્રોત્સાહન માટેના એવોર્ડ મેળવનારા જીટીયુની પાંચ વિવિધ કોલેજોના સંશોધક-વિદ્યાર્થીઓમાં અમદાવાદની યુનિવર્સલ કોલેજના શરદ પારેખ; સાલ કોલેજના અંજિલ જૈન, વલ્લભવિદ્યાનગરની એ.ડી. પટેલ ઈન્સ્ટિ.ના અક્ષત પૂજારા, સુરતની સી.કે. પીઠાવાલા કોલેજના મીત શાહ અને વડોદરા ઈન્સ્ટિ.ઓફ એન્જિ.ના રવિ શર્માનો સમાવેશ થાય છે.

જીટીયુના આ સૌ ચુનંદા, અભ્યાસુ અને ભારે ઊંચી સંશોધાત્કમ પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓમાં શરદ પારેખની સિધ્ધી તો વિશ્વકક્ષાની નોંધપાત્ર સિધ્ધી છે. અમેરિકાની સિંગ્યુલારિટી યુનિવર્સિટી અને નાસા દ્વારા દુનિયાભરમાંથી એવા સંસોધકોને આમંત્રણ અપાયું હતું જેમની શોધ આગામી સમયમાં લાખો લોકોના જીવનમાં મહત્વનો તફાવત સર્જી શકે, ખાસ કરીને ક્લાઈમેટ ચેન્જના ક્ષેત્રે. જગતના ૧૬૧ દેશોના ૩૦ હજાર જેટલા લોકોએ પોતાના સંશોધનની વિગતો મોકલી જેમાંથી માત્ર ૯૦ સંશોધનોને પસંદ કરવામાં આવ્યા જેમાંના એકમાત્ર ભારતીય તરીકે શરદ પારેખની પસંદગી થઈ અને આવતીકાલથી જ તેઓ ત્રણ મહિનાની આ 'ગ્લોબલ સોલ્યુશન પ્રોગ્રામ' અંગેની ખાસ ટ્રેનિંગ માટે અમેરિકા જઈ રહ્યા છે.

બીજા વિદ્યાર્થી અંજિલ જૈનને ખેતી, ઉર્જા અને પ્રદુષણ નિવારણના ક્ષેત્રે એમણે કરેલા વિશેષ સંશોધનો માટે 'ઈનોવેશન જીનિયસ એવોર્ડ - ૨૦૧૭' પ્રાપ્ત થયેલ છે. તો અક્ષત પુજારા અને તેમની ટીમ દ્વરા બહેરાશ ધરાવતા લોકો માટે એવું સંશોધન કરાયું છે જેમા મોબાઈલ દ્વારા એમને કોઈ બોલે તો તેનું સાઈન લેંગ્વેજમાં પરિવર્તન થઈ જાય. અને તેઓ વાંચી સમજી શકે. એવી જ રીતે મીત શાહે યુનિવર્સિટી એકઝામિનેશન સિસ્ટમને વધુ સક્ષમ બનાવે તેવું સોફ્ટ્વેર વિક્સાવ્યું.

ચિલોડા ખાતે વ્યસનમુક્તિ અંતર્ગત કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ચિલોડા, તા. ૧૨

તાલુકાના ચિલોડા મોટા ખાતે આંગણવાડીના પટાંગણમાં જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ ગાંધીનગરના ઉપક્રમે વ્યસનમુક્તિ અભિયાન અંતર્ગત એક કાનૂની શિક્ષણ શિબિર પેરાલીગલ વૉલન્ટીયર નટુભાઈ પટેલ દ્વારા યોજાઈ હતી. જેમાં સગર્ભા અને ધાત્રી મહિલાઓને તમાકુ બનાવટની વસ્તુઓ ગુટખા, પાનમસાલા માવો, વગેરેથી દૂર રહી શારીરિક તંદુરસ્તી જાળવવા શીખ આપી હતી. તમાકુ વ્યસનથી થતા ગંભીર બિમારી તેમજ ઉપાયો અંગે સમજ પુરી પાડી હતી. આરોગ્ય વિભાગના ફીમેલ હેલ્થ વર્કર કંચનબેન એસ. પટેલે મહિલાઓને ખાસ વ્યસનમુક્તિ આપી નવજાત શિશુની તંદુરસ્તી અંગે જાગૃત રહેવા સંદેશો આપ્યો હતો.

સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા પાટીદાર યુવકના અપમૃત્યુ બદલ કલેક્ટરને આવેદનપત્ર

હિંમતનગર,તા. ૧૨

મહેસાણા પોલીસની કસ્ટડીમાં ૨૯ વર્ષીય પાટીદાર યુવાન કેતન મહેન્દ્રભાઈ પટેલની કસ્ટડીમાં થયેલ અપમૃત્યુ અને પોલીસે માનવ અધિકારોનું સરેઆમ ઉલ્લંઘન કર્યુ છે તેના વિરોધમાં આજરોજ તા. ૧૨-૬-૧૭ના સોમવારના રોજ હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ગોપાલસિંહ રાઠોડની આગેવાની હેઠળ કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત, પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પ્રદેશ મંત્રી ખાદીમ લાલપુરી, પ્રદેશ એસ.સી. સેલના ઉપપ્રમુખ રામભાઈ સોલંકી, અશોક પટેલ, પ્રદેશ મહિલા મહામંત્રી નિર્મળાબેન પંચાલ, હિંમતનગર તાલુકા કોંગ્રેસ પ્રમુખ રણજીતસિંહ સોલંકી, ઈડર તાલુકા પ્રમુખ નંદુભાઈ પટેલ, વિજયનગર તાલુકા પ્રમુખ લાલજીભાઈ ડામોર, ઉપપ્રમુખ ચંદ્રસિંહ ઝાલા, જિલ્લા પંચાયત કારોબારી અધ્યક્ષ હર્ષદ પટેલ, તાલુકા પંચાયત પ્રમુખ ઈમરાન ઠાકોર, સાબરકાંઠા જિલ્લા પૂર્વ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રવક્તા હુસેન દિવાન, યુવક કોંગ્રેસ પ્રમુખ પ્રિયવદન પટેલ, હિંમતનગર શહેર પ્રમુખ સતીષભાઈ શાહ, વડાલી શહેર પ્રમુખ ડાહ્યાભાઈ સગર, જિલ્લા માઈનોરીટી ચેરમેન ઈમરાન દાવડા, મુકેશ પરમાર, રાજેન્દ્રભાઈ ડોણ, નગરપાલિકા વિરોધ પક્ષના નેતા જગદીશભાઈ જયસ્વાલ, સેવાદળના ગોવિંદભાઈ પરમાર, સોનલબેન પંડ્યા, સાજેદાબેન ડોઈ, જયશ્રીબેન પરમાર, જુબેદાબેન પઠાણ, બીનાબેન ઉપાધ્યાય, દલપતસિંહ ઝાલા, ઈડર તાલુકા સદસ્ય જીતેન્દ્રસિંહ ભાટી, યુસુફ બચ્ચા, ઈશાક શેખ, કાદીર ડોઈ, સુધીર પટેલ, મુદસ્સર વિજાપુરા, કે.સી. શાહ, ટી.વી. પટેલ, કુમાર ભાટ, મય્યુદીન દિવાન, કાર્યાલય મંત્રી મહેશ પરમાર તેમજ ખુબજ મોટી સંખ્યામાં કોંગ્રેસના આગેવાનો, હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

રિટેલ ફુગાવો

● અનુસંધાન પહેલાનું ચાલુ

તમામ ચાવીરુપ રેટમાં સીઆરઆર, રિવર્સ રેપોરેટ, બેંકરેટ યથાવત રખાયા હતા. ગ્રાહક મોંઘવારી દરના આંકડાને નક્કી કરવા માટે ૨૦૧૨માં બેઝ એયર નક્કી કરવાનો નિર્ણય કરાયો હતો. ત્યારબાદથી ફુગાવો સૌથી નીચી સપાટીએ પહોંચ્યો છે. હવામાન વિભાગ તરફથી મોનસુનની સારી સ્થિતિના અંદાજ બાદ તેની પણ અસર રહી છે. ભવિષ્યમાં પણ મોંઘવારીનો દર નીચી સપાટીએ રહી શકે છે. જૂનથી સપ્ટેમ્બરના ગાળા દરમિયાન મોનસુન સિઝનમાં ભારતમાં ૭૦ ટકા વરસાદ થાય છે. મોનસુન વરસાદ યોગ્ય રહેશે તો કૃષિ પેદાશના કારણે મોંઘવારીને કાબૂમાં લેવામાં સફળતા મળશે. છેલ્લા વર્ષની સરખામણીમાં ખાદ્યાન્ન કિંમતોમાં ઘટાડો થયો છે. જીડીપીની વાત કરવામાં આવે તો તેમાં પણ માર્ચ ત્રિમાસિક ગાળામાં બે વર્ષમાં સૌથી ઓછો ૬.૧ ટકાનો ગ્રોથરેટ જોવા મળ્યો હતો. જ્યારે ઓક્ટોબરથી ડિસેમ્બર ત્રિમાસિક ગાળામાં જીડીપી ગ્રોથરેટ ૭ ટકા હતો. એપ્રિલ મહિનામાં ઔદ્યોગિક ઉત્પાદનનો દર ૩.૧ ટકા રહ્યો હતો. યુએસ ફેડરલ રિઝર્વની બેઠક આવતીકાલ મંગળવારથી બે દિવસ માટે શરૂ થઈ રહી છે જેમાં આ વર્ષના બીજા તબક્કા માટે વ્યાજદરમાં વધારો કરવામાં આવી શકે છે. કેટલાક માઈક્રો ઈકોનોમિક આંકડા સંકેત આપે છે કે, વિશ્વની સૌથી મોટી ઈકોનોમી દ્વારા હાલ વ્યાજદરને વધારવામાં આવશે નહીં. ગયા મહિનામાં પોલિસી બેઠકમાં યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા રેટને યથાવત ૦.૭૫ ટકા અને એક ટકા વચ્ચે રાખવામાં આવ્યા હતા.

માફીનો બોજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દેવા માફીની માંગણી ખેડૂતો કરી રહ્યા હતા. જેટલીએ આજે કહ્યું હતું કે, રાજ્યોને પોતાની રીતે સંશાધનો ઉભા કરવા પડશે. કૃષિ લોન માફીનો બોજ પોતાની રીતે જ ઉપાડવો પડશે. આરબીઆઈએ હાલમાં જ કહ્યું હતુ કે, લોન માફીના સંદર્ભમાં કોઈપણ નિર્ણય જોખમી પુરવાર થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ઉત્તર પ્રદેશ દેશમાં પ્રથમ રાજ્ય રહ્યું છે જ્યાં નાના અને મધ્યમ કદના ખેડૂતો માટે ૩૬ ઉપર કરોડ રૂપિયાની ખેડૂત લોન માફ કરી દેવામાં આવી છે. આ વર્ષની શરૂઆતમાં લોન માફી કરવામાં આવી હતી. મહારાષ્ટ્ર સરકારે ગઈકાલે જ લોન માફીની જાહેરાત કરી હતી. કેન્દ્ર સરકાર તરફથી કોઈ ફન્ડિંગ આપવામાં આવશે નહીં.

નીટના પરિણામ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પાળવામાં આવે. જસ્ટિસ પીસી પંત અને દિપક ગુપ્તાની વેકેશન બેંચે કહ્યું હતું કે, પરિણામની જાહેરાત અને ત્યારબાદ થનાર કાઉન્સિલિંગ અને એડમિશન કોર્ટ સમક્ષ પેન્ડિંગ મામલાના નિર્ણયમાં રહેશે. સુપ્રીમ કોર્ટે તમામ હાઈકોર્ટને અપીલ કરી છે કે, નીટ ૨૦૧૭થી સંબંધિત કોઈપણ અરજીને સ્વીકાર કરવામાં ન આવે. સુપ્રીમ કોર્ટે આ આદેશ નીટની પરીક્ષા આપનાર ૧૨ લાખ ઉમેદવારો માટે રાહતજનક છે. સીબીએસઈ મદ્રાસ હાઈકોર્ટના ચુકાદા બાદ ૯મી જૂનના દિવસે સુપ્રીમમાં મામલો પહોંચ્યો હતો. સીબીએસઈએ કોર્ટમાં રજૂઆત કરી હતી કે, હાઈકોર્ટના આદેશના કારણે મેડિકલ અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા અટવાઈ પડી છે. આ અગાઉ મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેંચે નીટ પરીક્ષાના પરિણામ જારી કરવા ઉપર પ્રતિબંધ મુકી દીધો હતો. બેંચે વચગાળાના આદેશ જારી કરીને સીબીએસઈને નીટ ૨૦૧૭ના પરિણામ અંતિમ આદેશ સુધી જારી ન કરવા માટે કહ્યું હતું પહેલા કોર્ટે નીટ ૨૦૧૭ને રદ કરવાની અરજી ઉપર અન્ય લોકોની સાથે કેન્દ્રીય આરોગ્ય સચિવ સોમૈયા સ્વામીનાથનને તેમની રજૂઆત કરવા માટે કહ્યું હતું. મદુરાઈ બેંચના જસ્ટિસ સેસા સઈએ આ લોકોને ૭મી મે ૨૦૧૭ના દિવસે આયોજિત કરવામાં આવેલી પરીક્ષાને રદ કરવા માટે રજૂઆત કરી હતી. તમિળનાડુમાં અંગ્રેજી અને તમિલના વિદ્યાર્થીઓને જુદી જુદી રીતે પ્રશ્નોપત્રો આપવામાં આવ્યા હતા. તમિલ પ્રશ્નપત્ર તુલનાત્મકરીતે સરળ હોવાની વાત પણ કરવામાં આવી રહી હતી. અરજીદારો તરફથી આક્ષેપો કરવામાં આવ્યા બાદ નીટ ૨૦૧૭ને રદ કરીને નવેસરથી એક સમાન પ્રશ્નપત્રથી પરીક્ષા યોજવાની માંગ કરવામાં આવી હતી.

રાજીનામુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બંધ બારણે મળેલી બેઠકમાં પક્ષના સગંઠનને મજબુત બનાવવા પર પણ વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો.

પાટનગરના રાજકીય વર્તુળોમાં મેયરના રાજીનામાને લઈ આજે શરૂ થયેલી ચર્ચાઓમાં અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે. એક એવી પણ ચર્ચા ચાલી રહી છે કે ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા હાલ વિદેશ પ્રવાસે છે અને તે આ સપ્તાહના અંતમાં પરત આવી રહ્યા છે આ પછી પક્ષ દ્વારા સૂચના મેયરને રાજીનામુ આપવા માટે અપાશે.

મેયર પહેલા મેયર તરીકે રાજીનામુ આપશે અને પછી નવા મેયરની ચૂંટણી સંપન્ન થાય ત્યારે કાઉન્સીલર તરીકે પણ રાજીનામુ ધરી દેશે. આ પછી કોર્પોરેશનની પેટા-ચૂંટણી યોજાશે. વિધાનસભાની સામાન્ય ચૂંટણી પહેલા જે મહત્વની પુરવાર થશે.

મેયરનુ રાજીનામુ માંગવાના સ્પષ્ટ સંકેતને પગલે ગરમાયેલા રાજકીય માહોલમાં એવી પણ ચર્ચા ચાલી રહી છે કે ગઈકાલે મળેલી અપેક્ષિત આગેવાનોની બેઠકમાં નગરના પ્રશ્નો અંગે મુખ્યમંત્રીને સીધી રજુઆત કરવામાં આવે તેવી કડક સૂચના પણ આપવામાં આવી છે.

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે સંગઠ્ઠન અને ચૂંટાયેલી પાંખ વચ્ચે સુયોગ્ય સંકલન નહિ હોવાની ફરિયાદ પ્રભારી મંત્રી ડૉ. નિર્મલાબેન વાઘવાણીએ પણ કરી છે. આ ઉપરાંત શહેર અને જિલ્લા સંગઠ્ઠનમાં નબળો પ્રતિસાદ પ્રદેશ નેતાગીરી માટે પણ ચિંતાનો વિષય બનેલ છે એટલે પ્રદેશના મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા અને પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી અવારનવાર સંગઠ્ઠનની બેઠકોમાં ઓચિંતી હાજરી આપી રહ્યા છે.

ગ્રામહાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નમુનાઓ નિહાળવા તેમજ ખરીદવા માટે મુલાકાતીઓની ભીડ ઉમટતી હોય છે.જ્યારે સ્થાનિક રહીશો તેમજ બહારગામથી આવતા મુલાકાતીઓને અનુલક્ષી વિશેષ પ્રકારની ગ્રામહાટ આકર્ષણનુ કેન્દ્ર બની રહેશે. આગામી ત્રણ મહીનામાં ગ્રામહાટનુ કામ પુર્ણ કરી દેવાશે. જ્યારે દિવાળી સુધીમાં ગ્રામહાટ ધમધમતી થઈ જશે.

પ્રવેશ મેળવ્યો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

માટે એસ સી એસ ટી અને ઓબીસી કક્ષામાં વિદ્યાર્થીઓ માટે શાળાકક્ષાએ ૭૬૮ બેઠકો નિયત કરવામાં આવી છે. પરંતુ પ્રવેશ પ્રકીયાના અંતે માત્ર ૩૩ વિદ્યાર્થીઓએ જ પ્રવેશ લીધો હોવાનુ ધ્યાને આવ્યુ છે. જેના અંતે શહેરી વિસ્તારની શાળાઓમાં અનામત કક્ષાની કેટેગરીમાં વિદ્યાર્થીઓને પ્રવેશ અપાયા બાદ મોટાભાગની બેઠકો ખાલી પડી હોવાનુ સ્પષ્ટ થયુ છે. ધોરણ -૧૧ માં વિજ્ઞાન પ્રવાહમાં અનામત કક્ષાની પ્રવેશ પ્રક્રીયા અસરકારક નિવડી ન હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે.

સ્થાયી સમિતિમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કરેલી ખાનગી દરખાસ્તોનો સ્વીકાર કરી અને તે અંગેની જરૂરી કામગીરી કરવાની સત્તા કમિશનરને સોંપવામાં આવી છે, જેને લઈ મનપાના તંત્રમાં પણ સોંપો પડી જવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે નવી એપમાં કર્મચારીઓની હાજરી, ગ્રાન્ટની ઉપલબ્ધિ, ચાલતી કામગીરી તેમજ જીપીએસ સિસ્ટમ પણ તેમાં ઉપલબ્ધ હોવાથી બધી જ બાબતો મોબાઈલ પર ઉપલબ્ધ બનશે અને ઈ.ગર્વનન્સની દિશામાં મનપાનુ એક ઐતિહાસિક કદમ હશે.

સોચ બદલી...

● ત્રીજા પાનાનું ચાલુ

આપણા પ્રધાનમંત્રીનું અને મને કહેતાં આજે ગર્વ થાય છે કે મારી આ વાત કલોલ તાલુકાના પલિયડ પુરતી મર્યાદિત નથી રહી કચ્છમાં તેમના બે સાથી મિત્રોએ અમલમાં મુકી છે.

આ ઉપરાંત ગાંધીનગર તાલુકાના ઉનાવા પ્રા.આ.કેન્દ્રમાં પણ આવા સ્ટીકર બનાવી લગાવવાનો નિર્ણય લેવાયો છે. એક-બે અન્ય જિલ્લામાંથી પણ ફોન આવ્યા છે.

તેમણે કહ્યું કે અમે મલ્ટીપરપઝ હેલ્થ વર્કર તરકે અમારા પીએચસીની અન્ડરમાં આવતા ૬ ગામોમાં ટીમના સભ્ય તરીકે કામગીરી કરવા જવું પડતું હોય છે એટલે એક વિસ્તારમાં સીમીત કામગીરી રહેતી નથી. જો કે સ્ટીકરને કારણે અમારા ગામમાં મારી કામગીરી સરળ બની છે.

ગામમાં પેટા આરોગ્ય કેન્દ્ર છે ઉપરાંત ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલ પણ છે. એટલે સમયસરની સારવાર સૌને મળશે તેનો મને આનંદ છે.

વાસુદેવ ગજજરે જણાવ્યું હતું કે સેવાસેતુમાં ગ્રામજનો નહિ પણ આસપાસના ગ્રામજનોમાં પણ જાગૃતિ આવે તે માટે પોરાભક્ષક માછલી અને મેલેરિયાના પોરાનું મેં નિદર્શન રાખ્યું હતું જેને પણ જિલ્લા વિકાસ અધિકારીએ બિરદાવ્યું હતું.

તેમણે કહ્યું કે મારા કામમાં ડીડી સાહેબ જોડાયા તેનો મને સૌથી વિશેષ આનંદ થયો હતો એટલું જ નહિ આ લગાવ્યા પછી પાંચ તાવના દર્દીને સમયસર સારવાર મળી તેનો સંતોષ છે.